# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-04-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.

---

- ❖ **રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ મોટી સંખ્યામાં મતદાન કરવા મતદારોને અનુરોધ કર્યો છે.**
- ❖ **સુરતમાં એક સંમેલનને સંબોધતાં વિદેશમંત્રી ડો.એસ જયશંકરે કહ્યું કે, જ્યાં સુધી સરહદ પરનો તણાવ દૂર નહીં થાય ત્યાં સુધી પાકિસ્તાન સાથે વેપારની કોઈ શક્યતા નથી.**
- ❖ **હવામાન વિભાગે એપ્રિલથી જૂન દરમિયાન ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં તીવ્ર ગરમીની શક્તતા વ્યક્ત કરી છે.**
- ❖ **આજે વિશ્વ ઓટીઝમ દિવસ નિમિત્તે ઓટિઝમ જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો યોજાશે.**
- ❖ **રાજ્યના માનવ ઠક્કર અને માનુષ શાહની જોડી ડબલ્યુટીટી ફીડર ટેબલ ટેનિસ સ્પર્ધાની પુરૂષ ડબલ્સમાં રનર્સ-અપ રહી છે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Voting awareness 01

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ ગુજરાતની લોકસભાની 26 બેઠકો માટે આગામી 7મી મે ના રોજ યોજાનાર ચૂંટણી વખતે મોટી સંખ્યામાં મતદાન કરવા મતદારોને અનુરોધ કર્યો છે.

ગાંધીનગરના રામકથા મેદાન પરથી મતદાન અંગે લોકોને જાગૃત કરવા યોજાયેલી બાઇક રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતાં શ્રીમતી પી.ભારતીએ આ મુજબ જણાવ્યું હતું. બાઇક રેલી ગાંધીનગરના વિવિધ માર્ગો પર ફરીને કલેકટર કચેરી ખાતે પૂર્ણ થઇ હતી. આ રેલીમાં જીલ્લા કલેકટર, નાયબ કલેકટર, સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

લોકસભા ચૂંટણીને અનુલક્ષીને અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીમાં મતદાનના મહત્વ અંગે મતદારોમાં જાગૃતિ કેળવવા માટે સ્વીપ પ્રવૃતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા છે. આ અંગે વધુ માહિતી આપતા અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર રિધ્ધિ શુક્લાએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ - રિધ્ધિ શુક્લા, ડેપ્યુટી કલેક્ટર, અમદાવાદ)

વડોદરા જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોના માધ્યમથી તેમના વાલીઓ પાસે સંકલ્પપત્રો ભરાવવામાં આવ્યા. ચૂંટણીમાં અમે અવશ્ય મતદાન કરશું, એવો સંકલ્પ લઇ છ લાખ જેટલા વાલીઓએ મતદાન કરવાના સંકલ્પ લીધા. જયારે વડોદરાનાં શિનોર તાલુકાના પુનિયાદ અને વણિયાદ ગામમાં મહિલા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયા હતા.

વડોદરાની વિવિધ શાળાઓમાં ક્વીઝ, વક્તૃત્વ, રંગોળી, ચિત્ર, સ્લોગન અને રેલી સિવાય કોલેજ કક્ષાએ સેમિનાર, ગ્રૂપ ડિસ્કશન, વિડીયો મેકિંગ સહિતની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લાના આટકોટની શૈક્ષણિક સંસ્થામાં મતદાન જાગૃતિ માટે યુવા મતદારો માટે ક્વિઝ યોજવામાં આવી હતી. રાજકોટમાં લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય ખાતે ચુનાવી પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે રાજકોટની પાર્થ વિદ્યાલય ખાતે મોક ચૂંટણી યોજી વિદ્યાર્થીઓને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત જિલ્લાની અનેક શાળાઓમાં "સ્વીપ પ્રવૃતિ" અંતર્ગત ચિત્ર, રંગોળી, મહેંદી, નાટક સહિતની વિવિધ પ્રવૃતિઓ થકી મતદાતાઓને મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનસેવા કેન્દ્રના કાગળો તથા ગેસની બોટલ પર મતદાનના સંદેશ થકી લોકોને કર્યા જાગૃત કરવાના પ્રયાસો કરાઇ રહ્યા છે.

.............................................................................

## Special polling in Patan district

લોકસભા સામાન્ય ચૂંટણી-2024 અંતર્ગત પાટણ જિલ્લામાં વિશેષ મતદાન મથકોની રચના કરવામાં આવશે.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, જિલ્લામાં ઈકો ફ્રેન્ડલી મતદાન મથક, હેરીટેજ થીમ આધારીત મતદાન મથક ઉપરાંત વિવિધ થીમ આધારીત મતદાન મથક બનાવવામાં આવશે. જિલ્લામાં 4 મોડલ મતદાન મથક અને એક યુવા સંચાલિત મતદાન મથક કાર્યરત કરાશે.

લોકસભા ચૂંટણીમાં યુવાઓ વધુ ને વધુ મતદાન કરે તે માટે જિલ્લા વહીવટીતંત્ર પ્રયત્નશીલ છે. યુવા મતદારોને આકર્ષવા માટે ખાસ રાધનપુર મતદાર વિસ્તારમાં

સરદારપુરા-1 ખાતે યુવા સંચાલિત મતદાન મથક ઉભુ કરવામાં આવશે. આ મતદાન મથક પર પોલીંગ સ્ટાફ અને સુરક્ષા કર્મચારીઓ સહિત તમામ ચૂંટણી સ્ટાફમાં ફક્ત યુવાઓ રહેશે. પાટણ જિલ્લામાં રાધનપુર, ચાણસ્મા, પાટણ અને સિદ્ધપુર એમ 4 મતદાર વિભાગ દીઠ 1 એમ કુલ 4 મોડલ બુથ પણ ઉભા કરવામાં આવશે.

.......................................................................

## JAISHANKAR - SURAT

વિદેશમંત્રી ડો.એસ જયશંકરે કહ્યું કે, જ્યાં સુધી સરહદ પરનો તણાવ દૂર નહીં થાય ત્યાં સુધી પાકિસ્તાન સાથે વેપારની કોઈ શક્યતા નથી.

શ્રી જયશંકરે ગઈકાલે સુરતમાં દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત "ભારતનો આર્થિક ઉત્થાન" વિષય પર કોર્પોરેટ સંમેલનમાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યુ છે. તેમણે કહ્યું કે, આતંકવાદને કોઈપણ સ્વરૂપમાં સહન કરવામાં નહિ આવે. શ્રી જયશંકરે કહ્યું કે, અરુણાચલ પ્રદેશ ભારતનો અવિભાજ્ય અંગ છે અને હંમેશા ભારતીય રાજ્ય રહેશે, તેનું નામ બદલવાથી આ હકીકત પર કોઈ અસર થશે નહીં. તેમણે ઉમેર્યું કે, ચીનને આર્થિક મોરચે માત આપવા ભારતે ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

.......................................................................

## MID BREAK- NEWS-REGIONAL

- આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ **newsonair.gov.in/Gujarati** પર વાંચી શકશો.

..........................................................................

# HEAT WAVE - PREDICTION

હવામાન વિભાગે ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં ઉનાળામાં ગરમીના મોજાની મહત્તમ અસર થવાની શક્યતા વ્યક્ત કરી છે.

ભારતીય હવામાન વિભાગના મહાનિદેશક ડૉ. મૃત્યુંજય મહાપાત્રાએ એપ્રિલ અને જૂન મહિનાની વચ્ચે મધ્ય, ઉત્તરીય મેદાનો અને દેશના દક્ષિણ ભાગમાં ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની આગાહી કરી છે.

તેમણે કહ્યું કે, વર્તમાન મહિનામાં દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. જો કે, પૂર્વ, ઉત્તરપૂર્વ અને ઉત્તરપશ્ચિમ ભારતના અલગ-અલગ વિસ્તારોમાં સામાન્યથી નીચુ મહત્તમ તાપમાન અનુભવાય તેવી શક્યતા છે.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સભ્ય કમલ કિશોરે જણાવ્યું હતું કે, સત્તામંડળ હીટવેવ અંગે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે નિયમિતપણે વાતચીત કરી રહ્યુ છે. દરમ્યાન નવી દિલ્હીમાં ગઇકાલે મીડિયાને સંબોધતા, કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, તેમણે ભારે ગરમીની આગાહી વચ્ચે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને હિતધારકો સાથે બેઠક કરી છે.

તેમણે માહિતી આપી હતી કે રાજ્ય સરકારો સહિત તમામ હિતધારકોએ આ અંગે વિસ્તૃત તૈયારીઓ કરી છે.

..........................................................................

# Autism Day

આજે વિશ્વ ઓટીઝમ દિવસ છે. ઉલ્લેખનીય છે કે, ઓટીઝમ એ વિકાસલક્ષી ડિસઓર્ડર છે. દેશમાં દર 150માંથી એક બાળકમાં ઓટિઝમ જોવા મળે છે.

ઓટિઝમ સારવાર નિષ્ણાંતના મત મુજબ ઓટીઝમ ધરાવતા બાળકોને દવા સાથે ખોરાકનું ખાસ ધ્યાન રાખવું આવશ્યક છે. આ સાથે વિવિધ કસરત, સ્વિમિંગ જેવી પ્રવૃત્તિઓ પણ અનિવાર્ય છે. ઓટીઝમ ધરાવતા બાળકો માટે ઓક્યુપેશનલ થેરાપી આર્શીવાદ સ્વરૂપ છે.

ઓટિઝમ દિવસ નિમિત્તે અમદાવાદ સિવિલ મેડીસીટીની સરકારી સ્પાઇન ઇન્સ્ટિટ્યુટમાં ગઈકાલે અને આજે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જે અંતર્ગત ગઈકાલે ઓટીઝમ ધરાવતાં  બાળકો દ્વારા નૃત્ય, રમતગમત, ભાત ચિત્રો સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ આજે જાણીતા વકતાઓ દ્વારા ઓટીઝમને લગતા વિષયો ઉપર ચર્ચા કરાશે. ઓટીઝમ જાગૃતતા માટે ઓક્યુપેશનલ થેરાપી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નાટક પ્રસ્તૃત કરાશે ઉપરાંત વિવિધ એવોર્ડનું પણ વિતરણ કરાશે.

.........................................................................

# Madhi Parv - Diu

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા ખાતે સમસ્ત જનરલ ખારવા સમાજ દ્વારા પરંપરાગત હોળીના પ્રથમ સોમવારે ધામધૂમથી મઢી પર્વની ઉજવણી કરવામાં આવી. દર વર્ષે હોળી પછીના પ્રથમ સોમવારે યોજતાં મઢી પર્વ એટલે કે શંકર પાર્વતીની પાલખી યાત્રામાં બહોળી સંખ્યામાં લોકો આસ્થા સાથે જોડાયા હતા.

આ પાલખી યાત્રા મા ભક્તો શંકર પાર્વતીની પૂજા અર્ચના કરી અને ભગવાનના આશીર્વાદ લઈ ધન્યતા અનુભવે છે. મઢી પર્વ ખારવા સમાજનો એકમાત્ર એવો પર્વ છે, જે માત્રને માત્ર ઘોઘલા ખાતે જ ઉજવવામાં આવે છે.

......................................................................

## Class – 12 Science

ધોરણ – 12 સાયન્સ પછી ઈજનેરી વિદ્યાશાખાની બેઠકો ઉપર પ્રવેશ માટે નોંધણી પ્રક્રિયાનો આજથી પ્રારંભ થશે. આ નોંધણી કાર્યવાહી 15મી મે સુધી ચાલશે. ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીઓને ઈજનેરી ફાર્મસી સહિત વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સહિતની વિગતો આપવા ગઈકાલથી સૌપ્રથમવાર યુ-ટ્યૂબ ચેનલ શરૂ કરાઈ છે.

......................................................................

## RTE

આરટીઈ હેઠળ ખાનગી પ્રાથમિક સ્કૂલમાં ધોરણ–1માં પ્રવેશ માટે અરજી કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. જેમાં રાજ્યની કુલ 43 હજાર 800 બેઠકો માટે 2.35 લાખથી વધુ વિદ્યાર્થીઓએ અરજી કરી છે.

......................................................................

## PORBANDAR -TALENT

પોરબંદર જિલ્લા કક્ષાના યંગ ટેલેન્ટ આઇડેન્ટિફિકેશન કાર્યક્રમનું આયોજન આજ સુધી સરદાર પટેલ રમત સંકુલ, પોરબંદર ખાતે કરાયું છે.

જેમાં 1 જાન્યુઆરી ૨૦૧૩ પછી જન્મેલા યુવા ખેલાડીઓને ભાગ લેવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા અપીલ કરાઇ છે. આજ સુધી સરદાર પટેલ રમત સંકુલ, પોરબંદર ખાતે સવારે ૭ વાગ્યા સુધી જરૂરી આધાર પુરાવા સાથે ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સ્પર્ધકોની ટેસ્ટનું આયોજન રાજ્ય કક્ષાએ કરવામાં આવશે, અને રાજ્યકક્ષાએ  ટેસ્ટમાં આગામી દિવસોમાં વિદ્યાર્થીઓની પસંદગી કરાશે. રાજ્યકક્ષાએ પસંદ થયેલ ટેસ્ટમાં પાસ થનાર ખેલાડીઓને જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અંતર્ગત પ્રવેશ આપવામાં આવશે.

.......................................................................

## RTE ACT - PATAN

પાટણ જિલ્લામાં RTE કાયદો, 2009 હેઠળ શૈક્ષણિક વર્ષ 2024- 25 માટે ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, જિલ્લામાં કુલ 105 ખાનગી પ્રાથમિક શાળાઓમાં 281 બેઠકો માટે કુલ 2 હજાર 516 અરજીઓ મળી હતી જેમાંથી સામે 1 હજાર 743 અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

આગામી 15 એપ્રિલના રોજ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર કરવામાં આવશે. માન્ય ન થયેલી ઓનલાઈન અરજીઓમાં ખૂટતા ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે અરજદારોને 4થી 6 એપ્રિલ સુધી પુનઃ તક આપવામાં આવશે.

.......................................................................

## Table tennis WTT

ટેબલ ટેનિસમાં રાજ્યના માનવ ઠક્કર અને માનુષ શાહની જોડી ડબલ્યુટીટી ફીડર ઓટોસેક સ્પર્ધામાં પુરૂષ ડબલ્સમાં રનર્સ-અપ રહી  છે. સ્લોવેનિયામાં રમાયેલી ફાઈનલમાં દક્ષિણ કોરિયાની જોડી સામે 3 -2થી હારતા તેઓ રનર અપ બન્યા છે .

.......................................................................

# WPC National Power Lifting

નવી દિલ્હી ખાતે યોજાયેલ WPC નેશનલ પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં અમદાવાદના પ્રાંશુ પટેલે સુવર્ણચંદ્રક જીત્યો છે.

13 વર્ષ કેટેગરીમાં ભાગ લઈ પ્રાંચુએ સ્કોવટમાં 60 કિલો, બેન્ચમાં 30 અને ડેડલીફ્ટમાં 95 કિલો વજન સાથે સુવર્ણચંદ્રક જીત્યો છે. ઉલ્લેખનીય છે કે, જીતનાર પ્રાંશુ ગુજરાતનો પ્રથમ લીફ્ટર છે.

આ સાથે આ ચેમ્પિયનશીપમાં અમદાવાદની કનક ગુર્જરે બેસ્ટ લીફ્ટર ટ્રોફી જીતી છે. તેણે ટીન-1 કેટેગરીમાં ભાગ લઈ સ્કોવટમાં 65, બેન્ચમાં 27.5 અને ડેડલીફ્ટમાં 75 સહિત કુલ 167.5 કિલો વજન ઉચક્યું હતું.

……………………………………………………………………